Leicestershire Partnership
NHS Trust

**A university teaching and research-active Trust**
Bridge Park Plaza
Bridge Park Road
Thurmaston
Leicester
LE4 8PQ
www.leicspart.nhs.uk

ટેલિફોન: 0300 3000 007
ઈ-મેલ: lpt.sais@nhs.net

સપ્ટેમ્બર-ડિસેમ્બર 2023

પ્રિય માતા-પિતા / કાળજી રાખનાર અને યંગ પર્સન (સગીર વ્યક્તિ),

**વાર્ષિક મોસમી ફ્લુ રસીકરણ કરાવવાનો સમય થઈ ગયો છે**

રિસેપ્શન (શાળામાં દાખલાનું વર્ષ)થી લઈને વર્ષ 13 સુધીના તમામ બાળકોને રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમના ભાગરૂપે શાળામાં ફ્લુની રસી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ફ્લુ એક અપ્રિય બીમારી છે અને અમુક લોકોને ગંભીરપણે અસ્વસ્થ કરે છે. આ રસીકરણ **વિનામૂલ્યે, સલામત અને અસરકારક** છે. તે મોસમી ફ્લુ અને ગંભીર જટિલતાઓ, જેમકે બ્રોન્કાઇટિસ, કાનના ચેપ અને ન્યૂમોનિઆ સામે રક્ષણ આપે છે - અને ફ્લુના ફેલાવાને નિવારવામાં તથા સહેલાઈથી બીમાર પડી શકે તેવા અન્ય લોકોનું રક્ષણ કરવામાં પણ મદદ કરશે. રસીના બે અલગઅલગ પ્રકારો ઉપલબ્ધ છે:

| નૅઝલ (નાક વાટે) સ્પ્રે ફ્લુ રસી | ફ્લુ રસી ઈન્જેક્શન |
|---|---|
| ફ્લુ સામે શ્રેષ્ઠતમ રક્ષણ રજૂ કરે છે. તે બંને નસકોરાંમાં સ્પ્રે તરીકે છાંટીને આપવામાં આવે છે. તે ઝડપી અને પીડારહિત છે.<br>અમુક બાળકો માટે તબીબી કારણોસર નૅઝલ સ્પ્રે યોગ્ય નથી હોતું. અમારી ટીમ ફ્લુ રસીનું ઈન્જેક્શન રજૂ કરતાં પહેલાં પૂરી પાડવામાં આવેલી તબીબી માહિતીની સમીક્ષા કરશે.<br>નૅઝલ રસીમાં ડુક્કરમાંથી મેળવેલા જીલેટિનના ઘણી પ્રક્રિયા કરેલ સ્વરૂપના અંશો હાજર હોય છે. | આ ઈન્જેક્શન બાવડાના સ્નાયુમાં આપવામાં આવે છે, જેનાથી બળતરા થઈ શકે.<br>જો તબીબી કારણોસર નૅઝલ સ્પ્રે અનુકૂળ ન હોય તો આ રસીને એક વિકલ્પ તરીકે રજૂ કરવામાં આવે છે.<br>આ રસી ડુક્કરમાંથી મેળવેલ જીલેટિન ધરાવતી નથી. |

પ્રાથમિક શાળામાં અભ્યાસની ઉંમરના બાળકો માટે, અમે તમારા બાળકને ત્યારે જ ફ્લુની રસી આપીશું જ્યારે અમને તમારી સંમતિ મળી હોય. કૃપા કરીને આમ શક્ય તેટલું વહેલું કરશો, જેના માટે નીચે આપેલી સૂચનાઓનો ઉપયોગ કરશો. તમારે ફક્ત **એક જ વખત** તમારો નિર્ણય દાખલ કરવાનો છે.

વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: **tiny.cc/fluvaccination**

વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: **tiny.cc/fluvaccinationsecondary**

## સંમતિ પ્રક્રિયા વિશે અગત્યનો ફેરફાર: સગીર વ્યક્તિ હવે રસી માટે સંમતિ આપી શકે છે.

જો રસીકરણ માટે અમને માતા-પિતા અથવા કાળજી રાખનાર તરફથી સંમતિ પ્રાપ્ત ન થાય, તો નીચેની પ્રક્રિયાનો ઉપયોગ કરીને, સગીર વ્યક્તિને તે દિવસે રસીકરણ માટે સ્વયં-સંમતિ આપવાની છૂટ અમે આપી શકીએ. અમે આ તક 8 વર્ષ અને તેનાથી ઉપરના સગીર વ્યક્તિઓને જ રજૂ કરીશું, કે જેમણે યોગ્ય રસીકરણ માહિતી વાંચી હોય અને કઈ બાબતો સામેલ છે તે પૂરી રીતે મૂલવવા માટે પૂરતી સમજણ અને યોગ્યતા ધરાવતા હોવાનું એક સ્વાસ્થ્ય વ્યવસાયિક દ્વારા જેમનું આકલન થયું હોય. ફક્ત એવી જ વ્યક્તિઓ કે જેઓ રોગપ્રતિરક્ષા પ્રાપ્ત કરવામાં સ્પષ્ટપણે અનુકૂળતા ધરાવતા હોય, તેમને જે તે આપવામાં આવશે.

જો માતા-પિતા અથવા કાળજી રાખનારાઓએ પ્રત્યુત્તર આપ્યો હોય અને સંમતિ નકારી હોય, તો સગીર વ્યક્તિ તે નિર્ણયની ઉપરવટ જઈ શકે નહિ, અને અમે રસીકરણ કરીશું નહિ. વધુ માહિતી અહીં મળી શકે:

www.leicspart.nhs.uk/service/schoolagedimms

## તમારા બાળકને ફ્લુની રસી અપાય તે માટે સંમતિ કેવી રીતે આપવી

- તમારી શાળા માટેના કોડને નોંધી લેશો. [School name] માટે શાળા કોડ [School code] છે અને અહીં www.leicsandrutlandimms.co.uk મુલાકાત લેશો અથવા સીધા વેબસાઈટ પર જવા માટે તમારા સ્માર્ટફોનના કેમેરાનો ઉપયોગ કરીને QR કોડ સ્કેન કરો.
- **સિઝનલ (મોસમી) ફ્લુ** પસંદ કરો અને શાળા કોડ દાખલ કરો. સંમતિ એકરાર વાળા પાનાં ઉપર તમે ક્યાં તો નૅઝલ ફ્લુ રસી **અથવા** ઈન્જેક્શન થકી અપાતી ફ્લુ રસી માટે સંમતિ આપી શકો.
- જેવું પત્રક જમા થઈ જાય એટલે તમને ઈ-મેલ થકી પુષ્ટિ મળશે.

હંમેશની જેમ, અમે સગીર વ્યક્તિઓને અને તેમના માતા-પિતા તથા કાળજી રાખનારાઓને રજૂ કરવામાં આવતા રસીકરણ વિશે વાતચીત કરવા અને સાથે મળીને પત્રક ભરવા માટે પ્રોત્સાહન આપીએ છીએ.

જો તમે ઓનલાઈન પત્રક ભરવામાં અસમર્થ હોવ, તો કૃપા કરીને અમને અહી કૉલ કરશો: **0300 300 0007** અથવા તમારી સંપર્ક વિગતો સાથે lpt.sais@nhs.net પર ઈ-મેલ કરશો. જો તમારી સંમતિના નિર્ણય અંગે તમે પોતાનો વિચાર બદલો, તો તેમાં ફેરફાર વિશે કૃપા કરીને ઉપર આપેલા નંબર પર અમને કૉલ કરશો.

તમારી સ્કૂલ તમને જણાવશે કે ફ્લુ રસીકરણ સત્ર ક્યારે યોજાવાનું છે. **રસીકરણ સત્ર યોજાવાના one working day પહેલાં સંમતિ પ્રણાલી બંધ થશે.** તમે તે દિવસે સંમતિ પત્રક જમા કરાવી શકશો નહિ.

આપના ભવદીય,

સ્કૂલ એજેડ ઈમ્યુનાઈઝેશન સર્વિસ



disability confident EMPLOYER

**ફ્લુ રસી વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો**

| | |
|---|---|
| મારું બાળક / સગીર વ્યક્તિ એક સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવે છે અને સામાન્યપણે તેઓ GP પાસેથી રસી લે છે. | તેઓ સ્કૂલ ખાતે પણ રસીકરણ કરાવી શકે છે. |
| આડઅસરો કઈ છે? | સગીર વ્યક્તિઓને નાક ગળવું અથવા નાક ભરાવું, માથું દુખવું, સામાન્ય થાક અને ભૂખમાં થોડો ઘટાડો થઈ શકે. આ લક્ષણો ફ્લુ થવા કરતાં અથવા ફ્લુ સાથે સંકળાયેલી જટિલતાઓ કરતાં ઘણા હળવાં હોય છે. ગંભીર આડઅસરો ભાગ્યે જ જોવા મળે છે. |
| દર વર્ષે નવું ફ્લુ ઈન્જેક્શન કેમ હોય છે? | ફ્લુના વાઈરસમાં દર વર્ષે ફેરફાર થાય છે, આથી સૌથી નવીનતમ સ્ટ્રેઈન (જાત) સામે રક્ષણ માટે ફ્લુની રસીને અદ્યતન બનાવવામાં આવે છે. |
| હું રસી ઉત્પાદ વિશેનું લીફ્લેટ (ચોપાનિયું) ક્યાં વાંચી શકું? | નૅઝલ ફ્લુ રસી માટે, અહીં મુલાકાત લો www.medicines.org.uk/emc/files/pil.3296.pdf<br>ઈન્જેક્શન વાટે આપી શકાય તેવી ફ્લુ રસી માટે, અહીં મુલાકાત લો: www.medicines.org.uk/emc/files/pil.12882.pdf |
| હું રસીકરણ માટે (મારા બાળકને) કેવી રીતે તૈયારી કરી શકું? | અમારું એનિમેશન અહીં જુઓ: www.healthforteens.co.uk/health/flu/flu-just-the-facts |
| મારા બાળક / સગીર વ્યક્તિને સોઈનો ડર છે, શું કોઈ ટેકો ઉપલબ્ધ છે? | તમે આ માહિતી તમારા સંમતિ પત્રકમાં સામેલ કરી શકો છો, અને તે જોઈને અમારી ટીમ ટેકો આપવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે.<br>ઉપરાંત, આ વિડીયો સગીર વ્યક્તિઓને તેમના રસીકરણ અનુભવ વિશે આશ્વાસન અપાવવામાં મદદ કરી શકે, અહીં મુલાકાત લેશો: http://tiny.cc/reassurance |
| તે બતાવે છે કે ઈ-મેલ એડ્રેસ મેળ નથી ખાતું અથવા તે શાળા કોડને ઓળખતું નથી. | એ ખાતરી કરો કે ઈ-મેલ એડ્રેસ અને શાળા કોડની આગળ અથવા તેના પછી સ્પેસ (ખાલી જગ્યા) અથવા વિરામચિહ્નો ન હોય. |
| જો સત્રના દિવસે મારું બાળક/ સગીર વ્યક્તિ ગેરહાજર રહે અથવા બીમાર હોય તો શું? | રસીકરણ માટેની કોઈપણ વધારાની તકની વિગતો ઈ-મેલ થકી મોકલવામાં આવશે. |
| રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ શું છે? | વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: www.nhs.uk/conditions/vaccinations |



disability confident EMPLOYER


**જો તમે આ માહિતી અન્ય કોઈ ભાષામાં ઈચ્છતા હોવ, તો અહીં મુલાકાત લેશો:**

www.leicspart.nhs.uk/service/schoolagedimms

| | |
|---|---|
| અરબી | ذا كنت ترغب في قراءة هذه الرسالة بلغة أخرى، قم بزيارة موقعنا على الإنترنت |
| ગુજરાતી | જો તમે આ પત્ર ગુજરાતીમાં વાંચવા માંગતા હો તો અમારી વેબસાઈટ પર જાઓ |
| પોલિશ | Jeśli chcesz przeczytać ten list w innym języku, przejdź na naszą stronę. |
| પંજાબી | ਜੇ ਤੁਸੀਂ ਇਸ ਪੱਤਰ ਨੂੰ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿੱਚ ਪੜ੍ਹਨਾ ਚਾਹੁੰਦੇ ਹੋ ਤਾਂ ਸਾਡੀ ਵੈੱਬਸਾਈਟ 'ਤੇ ਜਾਓ |
| સોમાલી | Haddii aad jeclaan lahayd inaad ku akhrido warqadan luuqad kale, booqo boggayaga internetka |
| ઉર્દૂ | اگر آپ اردو میں یہ خط پڑھنا چاہتے ہیں تو ہماری ویب سائٹ پر جائیں۔ |
| યુક્રેનિયન | Якщо ви хочете отримати цю інформацію іншою мовою, перейдіть за посиланням |

**You can watch a video in these languages:**

**Arabic**



https://youtu.be/xy3TNS1rB1I

**Gujarati**



https://youtu.be/TOUXxv2QcmY

**Polish**



https://youtu.be/VIYZwImuHV0

**Hindi**



https://youtu.be/QFfqx2QwkjA

**Farsi**



https://youtu.be/8HHIiNhYaJQ

**Spanish**



https://youtu.be/paIBzCDQQKw

**More languages will continue to be added.**

**જો તમે ફ્લુ રસીકરણ ચોપાનિયું અન્ય કોઈ ભાષામાં વાંચવા માંગતા હોવ, તો અહીં મુલાકાત લેશો:**
www.gov.uk/government/publications/flu-vaccination-leaflets-and-posters

અંગ્રેજી, આલ્બેનિયન, અરબી, બંગાળી, બલ્ગેરિયન, ચાઈનીઝ (સરળ સ્વરુપ), ચાઈનીઝ (પરંપરાગત, કેટોનીઝ), એસ્ટોનિયન, ફારસી, ફ્રેન્ચ, ગ્રીક, ગુજરાતી, હિન્દી, ઈટાલિયન ,લેટવિયન, લિથુઆનિયન, પંજાબી, પશ્તો, પોલિશ, પોર્ચુગીઝ, રોમાનિયન, રોમાની, રશિયન, સોમાલી, સ્પેનિશ, ટેગલોગ, ટિગ્રિન્યા, ટર્કિશ, ટ્વાઇ, યુક્રિનિયન, ઉર્દૂ, યિદ્દિશ અને યોર્બા.

આ ચોપાનિયાનું એક બ્રેઈલ સંસ્કરણ ઑર્ડર કર્યે ઉપલબ્ધ છે.

એક ઑડિયો સંસ્કરણ ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે.

આ ચોપાનિયાનો બ્રિટિશ સંકેત (ઈશારા)ની ભાષામાં બનાવેલો વિડીયો ડાઉનલોડ કરવા માટે ઉપલબ્ધ છે.

ટ્રસ્ટનું વડુંમથક: Bridge Park Plaza, Bridge Park Road, Thurmaston, Leicester. LE4 8PQ
અધ્યક્ષ: Crishni Waring    ચીફ એક્ઝિક્યુટિવ: Angela Hillery

અમે ધૂમ્રપાન-મુક્ત ટ્રસ્ટ છીએ.

અમારી ખાનગીપણા સંબંધિત નોટીસ અહીં જુઓ www.leicspart.nhs.uk/_Aboutus-Whatwedowithyourinformationprivacynotice.aspx